सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. XLVII ]** **TUESDAY, 4th APRIL, 2006/CAITRA 14, 1928** **[ No. 19**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

*(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ : ૪૨ અને તેના નિયમો-૧૯૭૯નો નિયમ : ૧૮ હેઠળ)*

## અધિસૂચન

**નગર રચના યોજના નં. ૩૨ (ગવીયર-વાટા-ડુમસ) : સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે**

પત્ર નં. સુડા/યુ.૩/ટીપીએસ-૩૨ (ગવીયર-વાટા-ડુમસ) ૦૬.- આથી જાહેર કરવામાં આવે છે કે,ગુજરાત નગર આયોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૩૨ (ગવીયર-વાટા-ડુમસ) (સુડા) સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે.સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૦૬-૦૪-૨૦૦૫ ના ઠરાવ નં. ૨૩૭૬ (૫) થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને તેના નિયમો ૧૯૭૯ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉકત નગર રચના યોજનાની હદો નીચે મુજબ છે.

ચર્તુઃસીમા :

નગર રચના યોજના નં. ૩૨ (ગવીયર-વાંટા-ડુમસ) : સુડા, સુરત.

ઉત્તરે : મોજે : ગવિયર ગામતળ તથા ગવિયરના બ્લોક નં. ૪૬, ૪૭/પૈકી અને મોજે વાંટાના બ્લોક નં. ૧/પૈકી, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૮, ૫૯/પૈકી, ૬૦/પૈકી, અને ૬૨ની જમીનો.

દક્ષિણે : મોજે ભીમપોરના સર્વે નં. ૬૧, તથા મોજે ગવિયરના બ્લોક નં. ૨૬૬ તથા મોજે ડુમસના સર્વે નં. ૬૮૩, ૬૮૬, ૬૮૭ અને મોજે ગવિયરના બ્લોક નં. ૨૬૭, ૨૬૮ની જમીનો.

પૂર્વે : સુરત ડુમસ રોડ.

પશ્ચિમે : મોજે : ડુમસના સર્વે નંબર ૭૦૧, ૭૦૨, ૭૮૩, ૭૮૪ અને ૭૮૫ તથા મોજે વાંટાના બ્લોક નંબર ૬૧ની જમીન.

ઉપરોક્ત નગર રચના યોજનામાં સમાવિષ્ટ બ્લોક નંબરોની યાદી.

| | |
|---|---|
| **મોજે** | **: ગવિયર-વાંટા-ડુમસના બ્લોક નંબર.** |
| મોજે | : ગવિયરના સર્વે નંબર ૧, ૨, ૪૭/પૈકી, ૯૧/પૈકી, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૯૯/પૈકી, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩/પૈકી, ૧૯૬ થી ૨૨૬, ૨૫૯ થી ૨૬૩, ૨૬૯ થી ૩૬૬. |
| મોજે વાંટાના બ્લોક નંબર | : ૩૩ થી ૩૬, ૩૮ થી ૫૨. |
| મોજે | : ડુમસના રે. સર્વે નંબર. ૬૮૪, ૬૮૫. |

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી ''સૂડા ભવન'', કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

**યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ** તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્ય પત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુર માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સુરત, ૩૧ માહે માર્ચ સને ૨૦૦૬

**મહેન્દ્ર પટેલ,**
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત.

---

*(ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ : ૪૨ અને તેના નિયમો-૧૯૭૯નો નિયમ : ૧૮ હેઠળ)*

# અધિસૂચન

**નગર રચના યોજના નં. ૩૧ (ગવીયર-મગદલ્લા) : સુડા, સુરતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે**

પત્ર નં. સુડા/યુ.૩/ટીપીએસ-૩૧ (ગવીયર-મગદલ્લા) ૦૬.- આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નગર આયોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ હેઠળ નગર રચના યોજના નં. ૩૧ (ગવીયર-મગદલ્લા) સુડા સુરતના મુસદ્દાની દરખાસ્તો તૈયાર કરવામાં આવી છે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૦૬-૦૪-૨૦૦૫ના ઠરાવ નં. : ૨૩૭૬ (૪)થી મુસદ્દારૂપ નગર રચના યોજના કરવાનો ઈરાદો જાહેર કર્યા પછી સદર યોજના તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી માટે સાદર કરવાની આગળની નિયમો અનુસારની જરૂરી તમામ કાર્યવાહી કરવા માટે 'સુડા'ના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવેલ છે, આ નિયમો અનુસારની કાર્યવાહીમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ અને તેના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહીનો સમાવેશ થઈ જાય છે. ઉકત નગર રચના યોજનાની હદો નિચે મુજબ છે.

**ચર્તુ:સીમા :**

નગર રચના યોજના નં. ૩૧ (ગવીયર-મગદલ્લા) : સુડા, સુરત.

ઉત્તરે : તાપી નદી.

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. : ૩૨ (ગવિયર-વાંટા-ડુમસ) સુડા, સુરત તથા મોજે : ગવિયરના જુના રે.સ. નં. : ૧૦૫, ૧૦૬, ૧૦૭, તથા ૧૮૨ની જમીનો.

પૂર્વે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. : ૪ (રૂંઢ-મગદલ્લા) સુડા, સુરત તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭ (વેસુ-મગદલ્લા) સુડા, સુરતની હદ.

પશ્ચિમે : મોજે ગવિયરના જુના રે. સ. નં. ૨૮/પૈકી, ૩૩/પૈકી, ૩૭/પૈકી, ૪૩/પૈકી, ૪૪/પૈકી, ૪૭/પૈકી, ૪૯/પૈકી, ૯૮/પૈકી, ૧૦૩/પૈકી ની જમીનો.

**ઉપરોક્ત નગર રચના યોજનામાં સમાવિષ્ટ સર્વે નંબરોની યાદી.**

મોજે : ગવિયરના સર્વે નંબરોની યાદી.
૨૮/પૈકી, ૨૯ થી ૩૨, ૩૩/પૈકી, ૩૭/પૈકી, ૩૮ થી ૪૨, ૪૩/પૈકી, ૪૪/પૈકી, ૪૭/પૈકી, ૪૮, ૪૯/પૈકી, ૫૦ થી ૮૭, ૮૮/પૈકી, ૮૯, ૯૦/પૈકી, ૯૧/પૈકી, ૧૦૩/પૈકી, ૧૦૪/પૈકી.

મોજે : મગદલ્લાના સર્વે નંબરોની યાદી.
૧૦૩ થી ૧૦૫, ૧૦૬/પૈકી, ૧૦૭/પૈકી, ૧૦૮/પૈકી, ૧૧૨/પૈકી.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂં સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી "સૂડા ભવન", કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

યોજનાના મુસદ્દાની આ દરખાસ્તોથી અસર પામનાર કોઈપણ વ્યક્તિએ તેના વાંધા આ નોટિસ સરકારી રાજ્ય પત્રમાં જાહેર થયેથી એક મહિનાની અંદર લેખિત સ્વરૂપે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરવા.

સુરત શહેરી વિકાસ સત્તામંડળ આ યોજનાનો મુસદ્દો રાજ્ય સરકારને મંજુર માટે મોકલે તે પહેલા આ વાંધા અને સૂચનોની તેના ગુણદોષ પર વિચારણા કરશે.

સુરત, ૩૧ માહે માર્ચ સને ૨૦૦૬

મહેન્દ્ર પટેલ,
મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત.

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.